**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા

# સે. ૩/ન્યુ માં બંધ સરકારી દવાખાનુ પુર્નજીવિત કરવા પ્રબળ બનતી માંગ

**બંધ પડી રહેલ મકાન ગંદકીનું ઘર અને અસમાજિક તત્વોના અડ્ડા સમાન બનતું જાય છે : આયુર્વેદિક ઓપીડી અને ફિઝિયોથેરેપી સેવા ચાલુ કરાય તો આ વિસ્તારની જનતાને ઉપયોગી બને**

ગાંધીનગર, તા. ૨૮

શહેરના સેક્ટર-૩-ન્યુ ખાતે બંધ કરી દેવાયેલુ સરકારી



દવાખાનું ફરી કાર્યરત કરી તેમાં આયુર્વેદિક નિદાન તથા ફિઝિયોથેરેપીની સેવા કાર્યરત કરવા લાંબા સમયથી નગારિકો માંગ કરી રહ્યાં છે. આ બાબતે સે. ૩ ન્યુ વસાહત મંડળ દ્વારા થોડા સમય પૂર્વે રાજ્યના નાયબ મુખ્યમંત્રી તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી નીતિનભાઈ પટેલ સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતી જેનો તેમણે સકારાત્મક પ્રતિભાવ પણ આપ્યો હતો છતાં હજુ સુધી આ દવાખાનું પુનઃ કાર્યરત થયું નથી.

ગાંધીનગરમાં મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યાં પૂર્વે સે. ૩ એ-ન્યુમાં સરકારી દવાખાનું કાર્યરત હતુ પરંતુ તેને બંધ કરી દેવામાં આવ્યું છે. આ દવાખાનાનું મકાન અત્યારે જેમનું તેમ પડ્યું છે અને ગંદકીનું ઘર તથા અસામાજિક તત્વોના અડ્ડા સમાન બનતું જાય છે. આ સંજોગોમાં જો વસાહતીઓની માગણીને અનુલક્ષીને આ દવાખાનું પુનઃ કાર્યરત કરાય અને જો તેમાં એલોપેથી ઓપીડી



શક્ય ના હોય તો આયુર્વેદિક ઓપીડી તથા ફિઝીયોથેરેપી સેવા શરૂ કરાય તો સે. ૩ ન્યુ ઉપરાંત સે. ૪, સે. ૫, સે. ૩-એ,બી,સી, અને ડી તેમજ હડમતિયા ગામ, સરગાસણ ચોકડી સહિતના આસપાસના વિસ્તારની જનતા માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. આમ છતાં કયા કારણોસર આ દવાખાનુ પુનર્જીવિત કરવામાં આવતુ નથી તે વસાહતીઓ કળી શકતા નથી અને સત્વરે દવાખાનુ ફરી શરૂ કરાય તેની વાટ નિહાળી રહ્યાં છે.

## રવિવારે રૉટરી ક્લબ ઓફ ગાંધીનગરનો શપથવિધિ સમારોહ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની રૉટરી ક્લબ આર આઈ ડિસ્ટ્રીક્ટ ૩૦૫૪ના વર્ષ ૨૦૧૯-૨૦ માટેના હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ આગામી તા. ૩૦મી જુન રવિવારના રોજ સાંજે ૬ કલાકે સેક્ટર-૧૨માં સી.એમ. પટેલ નર્સિંગ કોલેજના ઑડિટોરિયમ ખાતે યોજાશે.

આ શપથવિધિ સમારંભમાં અતિથિ વિશેષ પદે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ, પર્સન વીથ ડિસાબિલીટીઝના કમિશ્નર ડી.એન. પટેલ ઉપસ્થિત રહેશે. શપથવિધિ સમારોહમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે ડૉ. ધર્મેન્દ્ર પટેલ પ્રમુખપદે તથા ભરત જૈન મંત્રીપદે શપથ ગ્રહણ કરશે. આ કાર્યક્રમમાં રોટરી ક્લબના ઝોન-૬ના આસીસ્ટન્ટ ડિસ્ટ્રિક્ટ ગર્વનર ઉર્મિલ વેદની ઉપસ્થિતિમાં પૂર્વ ડિસ્ટ્રીક્ટ ગર્વનર ડૉ. અરૂણ પરીખ હોદ્દેદારોને શપથ લેવડાવશે.

# ગાંધીનગર સિવિલમાં તબીબોની ઘટ પૂરાઈ : દર્દીઓને રાહત

ગુજરાત રાજય મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી હોસ્પિટલમાં જયાં મેડીકલ કાઉન્સીલ ઓફ




ઈન્ડીયાનું ઈન્સ્પેકશન આવે છે. તે હોસ્પિટલમાં પ્રોફેસરો અને ડોકટરોની બદલી કરવામાં આવે છે. વડનગર, હિંમતનગર, અને જુનાગઢ મેડીકલ કોલેજમાં ઈન્સ્પેકશનને પગલે ૬ માસ પહેલા ડોકટરની ઘટ પુરવા માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી તબિબોની બદલી કરવામાં આવી હતી. જેને પગલે ગાંધીનગર સિવિલમાં દર્દીઓની હાલત કફોડી બની જવા પામી હતી. ડોકટર ન હોવાથી દર્દીઓને ઓપીડીમાં ધક્કા ખાવાનો વારો આવતો હતો. ત્યારે હવે જીએમઈઆરએસ તંત્ર દ્વારા ગાંધીનગર સિવિલમાં ૨૫ ડોકટરોને મુકવામાં આવ્યા છે. જેમાં હિંમતનગર કોલેજમાંથી ૧૩, વડનગરમાંથી ૭ અને જુનાગઢમાંથી ૫ પ્રોફેસર ડોકટરનો સમાવેશ થાય છે.

અગાઉ હિંમતનગર, જુનાગઢ અને વડનગરમાં એમસીઆઈનું ઈન્સ્પેકશન આવતુ હોવાને પગલે મેડીકલ સોસાયટી દ્વારા ગાંધીનગર મેડીકલ કોલેજના ૩૦ જેટલા પ્રોફેસર ડોકટરની આ કોલેજમાં બદલી કરાઈ હતી. જેને પગલે ડોકટરોમાં ભારે રોષ ફેલાયો હતો. તો બીજીતરફ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખુદ બિમારીના બિછાને હોય તેવું હતું. જયારે લાખો રૂપીયા ખર્ચ કરીને તબિબિ અભ્યાસ માટે આવેલા વિદ્યાર્થીઓના ભાવિ સામે પણ એક સમયે ખતરો મંડરાઈ રહ્યો હતો. ત્યારે ત્રણ કોલેજમાં એમસીઆઈનું ઈન્સ્પેકશન પૂર્ણ થતા ગાંધીનગરના તબિબોને તેમની માંગણી પ્રમાણે પરત ગાંધીનગર મેડીકલ કોલેજમાં મુકી દેવામાં આવ્યા છે. જેમાં હિંમતનગર મેડીકલ કોલેજમાંથી ૧૩, વડનગરમાંથી ૭ અને જુનાગઢમાંથી ૫ ડોકટરને ગાંધીનગર પરત લાવવામાં આવ્યા છે. જેથી ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ડોકટરોની ઘટ પુરાઈ છે. જેથી ઓપીડીમાં દર્દીઓની લાગતી લાંબી લાઈનો હવે જોવા નહીં મળે.

## સ્થાનકવાસી જૈન સંઘમાં ચાતુર્માસ નિમિત્તે મંગલ પ્રવેશ

ચાતુર્માસના પ્રારંભથી ગોંડલ સંપ્રદાયના પરમ શ્રદ્ધેય પૂ. ગુરૂદેવ ધીરજ મુનિ મ.સા.ના આજ્ઞાનુવર્તી પૂ. રંભા બાઈ મહાસતીજી પારસ મૈયાના સુશિસ્યા સરલસ્વભાવી પૂ. વિમળાજી મહાસતી જી., પૂ. પદમાજી મહાસતીજી, પૂ. જિજ્ઞાજી મહાસતીજી તા. ૩ જુલાઈના રોજ આર.ડી. ગાંધીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૭૪-બી, આનંદવાટીકા સોસાયટી, સે. ૨૨ ખાતેથી સવારે ૮.૪૫ વાગે પ્રસ્થાન કરી ઉપાશ્રયમાં સવારે ૯.૧૫ વાગ્યે પહોંચશે.

# એસ.જી. - એસ.વી. સ્કૂલમાં હેન્ડ કેન્ડી ડેકોરેશન સ્પર્ધા યોજાઈ





એસ. જી.-એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે હેન્ડ કેન્ડી ડેકોરેશનની સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ગુગલી આઈસ, ક્રાફ્ટ કાગળ, વિવિધ ચોકલેટ, પાઈપ પિનાર, ફોમ શીટ ,ટીશ્યુ પેપર વગેરે વસ્તુની મદદથી કેન્ડી ડેકોરેશન કર્યું હતું. ધોરણ-૧ના વિદ્યાર્થીઓએ જેમ્સ ચોકલેટથી પતંગિયું, ધોરણ-૨ના વિદ્યાર્થીઓએ લોલીપોપ ચોકલેટથી ફૂલ, ધોરણ-૩ના વિદ્યાર્થીઓએ લોલીપોપથી બર્ડ, ધોરણ-૪ના વિદ્યાર્થીઓએ લોલીપોપથી ઢીંગલી બનાવી હતી.

# શહેરના મુખ્યમાર્ગો પરથી લારીઓ અદ્રશ્ય થઈ ગઈ

સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત નગરને દબાણ મુકત કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે મનપા તંત્ર દ્વારા આ દિશામાં કડક હાથે કામગીરી કરવાની વિચારણા ચાલી રહી છે. ત્યારે તેમાં કેટલા અંશે સફળતા મળશે તે તો આગામી દિવસોમાં જ ખબર પડી જશે. પરંતુ હાલના સમયે તો શહેરના મુખ્યમાર્ગો પર દબાણની ટીમ સક્રિય બની જતા લારી-ગલ્લા ધારકોમાં ફફડાટ ફેલાયો છે. શહેરના મુખ્ય માર્ગો પર થી લારીઓના દબાણ હાલના સમયે અદ્રશ્ય થઈ જવા પામ્યા છે. કારણ કે તંત્ર દ્વારા લારી ગલ્લા ઝપ્ત કરી દેવામાં આવતા હોવાથી વેપારીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. જયારે દબાણ હટાવ્યા બાદ ફરીવાર ગોઠવાઈ જતુ હોવાથી તેનું કાયમી નિરાકરણ આવે તેમ તંત્ર ઈચ્છી રહ્યું છે. શહેરના મુખ્ય માર્ગો અને આંતરીક માર્ગો પર લારી ગલ્લાના ખડકાયેલા દબાણો દુર કરવામાં આવશે.તે ઉપરાંત ઝુંપડા ધારકોના દબાણ પણ દુર કરી સરકારી જમીન ખુલ્લી કરી દેવામાં આવશે. જયારે ઠેરઠેર લારી ગલ્લાના પગલે પ્લાસ્ટીક અને ગંદકીનું પ્રમાણ પણ નગરમાં વધવા પામ્યું છે. ત્યારે તંત્રની દબાણ ટીમે સપાટો બોલાવતા વેપારીઓમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે આગામી દિવસોમાં પણ તંત્ર દ્વારા દબાણની કાર્યવાહી યથાવત રહેશે.

# ભાટ-કોટેશ્વર પાસે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર-એરપોર્ટ માર્ગ પર આવેલા ભાટ કોટેશ્વર ચાર રસ્તા પર કારમાંથી વિદેશી દારુનો જથ્થો પકડાયો છે. અડાલજ પોલીસે વાહન ચેંકીગ દરમિયાન ગત મોડી રાત્રે ૨૫૨ બોટલ દારુ સાથે કાર ચાલકને પકડી પાડ્યો છે. પોલીસે અમદાવાદના શખ્સ પાસેથી દારુ નંગ-૨૫૨ કિં.રૂ.૮૭,૯૪૮ તેમજ કાર કિં.રૂ. ૨.૫૦ લાખ મળી કુલ રૂ. ૩,૩૮,૪૪૮ નો મુદ્દામાલ કબ્જે કરી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ પી.એન.પઢીયાર તેમની ટીમના સભ્યો સાથે ગુરુવારના રોજ રાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કેવલસિંહને બાતમી મળી હતી કે કોબાથી એપોલો સર્કલ થઈ ઈન્દીરા બ્રીજ તરફ જઈ રહેલી કાર નં. જી.જે.૨૭.સી.૩૨૩૩ માં દારુની ફેરાફેરી થવાની છે.જેને પગલે પોલીસે રાત્રે ૨ વાગ્યાના સુમારે ભાટ કોટેશ્વર ચાર રસ્તા પાસે કારને પકડી પાડી હતી.પોલીસે કાર ચાલકનું નામ પુછતા તેણે ગોમતીપુર મણીયારવાડ રાજપુરમાં રહેતો આસિફહુસેન ઐયુબભાઈ સંધી (ઉં.વ.૩૩) હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે કાર ચેક કરતા તેની ડેકીમાંથી ૨૧ પેટી વિદેશી દારુ મળી આવ્યો હતો. પોલીસે દારુની બોટલ નંગ-૨૫૨ તેમજ કાર મળીને કુલ રૂ. ૩,૩૮,૪૪૮ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. અડાલજ પોલીસે દારુનો જથ્થો જપ્ત કરીને દારુ કયાંથી લાવવામાં આવ્યો હતો અને કોણે મંગાવ્યો હતો તે દિશામાં વધુ તપાસ પીએસઆઈ પી.એન.પઢીયાર ચલાવી રહ્યા છે.

## ગાડી પરથી "પોલીસ" લખાણ દુર કરવા કર્મચારીઓને જિલ્લા પોલીસ વડાની તાકીદ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગમાં ફરજ બજાવતા પોલીસ જવાનોને પોતાના ખાનગી વાહનો પર થી પોલીસ લખેલુ લખાણ હટાવી દેવા જિલ્લા પોલીસ વડા એ તાકીદ કરી છે. હિન્દુ યુવા વાહિનીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષે રાજયના એ.ડી.જી.પી. લો એન્ડ ઓર્ડરને અરજી કરીને ખાનગી વાહનો પરથી પોલીસ લખેલું લખાણ દુર થવું જોઈએ તેવી રજુઆત કરી છે. જેને પગલે ગુજરાતમાં અનેક પોલીસ અધિકારી-કર્મચારી સ્ટાફના જવાનો પોતાના ખાનગી વાહનો પર સામાન્ય પ્રજામાં રોફ મારવા પોલીસનું સ્ટીકર કે લખાણ લખાવીને ફરતા હોય છે. એટલું જ નહી તેમના સંતાનો કે સંબંધીઓ પણ આ પ્રકારના લખાણ કે પ્લેટ ગાડીમાં આગળની સાઈડમાં રાખીને ફરતા હોય છે. જેનાથી સમાજમાં તેનો વિપરીત પ્રભાવ પડે છે. તો બીજીતરફ અસામાજીક તત્વો ખોટી રીતે પોલીસ લખાવીને તેનો લાભ લેતા હોય છે. હિન્દુ યુવા વાહીની દ્વારા કરવામાં આવેલી રજુઆતને ધ્યાને લઈ ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ પોલીસ અધિકારી-કર્મચારીઓને પોતાના ખાનગી વાહનો પરથી આ પ્રકારના લખાણ કે સ્ટીકર દુર કરવા માટે પોલીસના જવાનોને તાકીદ કરી છે.

**શહેરમાં ૧૯૮૫માં નીકળેલી**

# પ્રથમ રથયાત્રામાં ૧૦ હજાર ભાવિકો પગપાળા જોડાયા હતા

ગાંધીનગર, તા. ૨૮

આગામી તા. ૪થી જુલાઈએ યોજાનાર ૩૫મી રથયાત્રા નિમિત્તે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગરમાં રથયાત્રાની શરૂઆત થઈ તે અંગેની ઈતિહાસ રસપ્રદ છે. વર્ષ ૧૯૮૫માં અનામતથી પ્રભાવિત અને અનામતથી લાભાનવિત્તો સાથે પ્રથમ રથયાત્રાનો પ્રારંભ થયો હતો. પ્રથમ રથયાત્રામાં રથયાત્રા સાથે ૧૦,૦૦૦ ભાવિકો પગપાળા ચાલ્યા હતા.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષીને શહેરમાં તૈયારીઓ ચાલી રહી છે. ૩૧ કિલોમીટરના રૂટની રથયાત્રાનું શહેરમાં ઠેર ઠેર સ્વાગત કરાશે. નગરના ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીના જણાવ્યા મુજબ તેઓ વર્ષ ૧૯૭૨થી પંચદેવ મંદિરની વ્યવસ્થા સાથે સંકળાયેલા છે. તેઓએ રથયાત્રાનો પ્રથમ પ્રવાસ જલજીલણી એકાદશીના દિવસે નાનો ઠેલો લઈ ભગવાનને સાથે લઈ જઈ સાબરમતી જઈને કર્યો હતો ત્યાં તેઓ ભગવાનને નવડાવી સ્નાન કરાવતા અને પરત આવતાં ત્યારબાદ વર્ષ ૧૯૮૫માં સમાજમાં વૈમનશ્ય ફેલાયુ અને અનામત આંદોલન શરૂ થયુ ત્યારે અનામતથી પ્રભાવિત અને અનામતથી લાભાનવિત બંને સમાજ મંદિરમાં ભેગા થયા અને વિશ્વ હિન્દુ પરિષદના નેજા હેઠળ અને શાસ્ત્રીજીના મરાગદર્શન સાથે પ્રથમ રથયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. ઊંટલારીમાં જગન્નાથજીના પૂંઠાના મુખોટ સાથે ૧૦,૦૦૦ માણસો પગપાળા ચાલ્યા હતા.

વર્ષ ૧૯૮૬માં રથ બનાવવાનું કાર્ય શરૂ કરાયુ જેમાં વરિયા પ્રજાપતિ સમાજ તરફથી ઊંટલારી ભેટમાં મળી હતી અને ત્રિભુવનદાસ અમીન તથા માધુભાઈ પટેલ તરફથી રથ બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાથે તેના ઘડતરના પૈસા ગાંધીનગરના નગારિકો દ્વારા મળ્યા હતા. ત્યારબાદ ધીરે ધીરે રથયાત્રાની વ્યવસ્થામાં ફેરફાર થતાં રહ્યા.

પહેલાની રથયાત્રા પોતાની પ્રજાની સીમામાં નીકળતી ધીમે ધીમે જેમ અભિગમ વધવા લાગ્યો તેમ તેમ રથયાત્રા વિસ્તૃત થતી ગઈ. આ વર્ષે રથને પહોળો કરવામાં આવ્યો છે અને તેના પાછળ પોણા બે લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. તથા રથયાત્રા સમિતિ દ્વારા આખુ વર્ષ સામાજીક પ્રવૃતિ ચાલે અને ધાર્મિક કાર્યો થતા રહે તે અંગે વિચારણા ચાલી રહી છે.


જ્યારે શરૂઆતમાં રથયાત્રા નીકળતી ત્યારે શહેરીજનોની માનસિકતા હતી કે રથયાત્રા અમદાવાદ જગન્નાથ મંદિરથી જ નીકળે અહિં રથયાત્રા ન હોય ખાલી રાજકીય ખટપટ જ હોય અને ઠેકડી પણ ઉડાડવામાં આવતી. પરંતુ હવે આ માનસિકતા બદલાઈ છે અને આખા શહેરમાં રથયાત્રાનું જોર-શોરથી સ્વાગત કરાય છે.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલયની એલડીઆરપી કોલેજને "સુપર કોમ્પ્યુટર" મળશે

**ગુજરાત સરકાર દ્વારા ગુજકોસ્ટના માધ્યમથી સુપર કોમ્પ્યુટર પ્રાપ્ત કરનાર રાજ્યની પ્રથમ ખાનગી યુનિવર્સિટી બનશે**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા કડી સર્વ વિશ્વ વિદ્યાલયને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સુપર કોમ્પ્યુટર




ફાળવવાનો નિર્ણય કરાતા શહેરના સમગ્ર શૈક્ષણિક આલમમાં આનંદનું મોજુ પ્રસરી વળવા પામ્યું છે. ગુજકોસ્ટ દ્વારા આ સુપર કોમ્પ્યુટર કેએસવી સંલગ્ન એલડીઆરપી ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચને તેની સંસોધન ક્ષમતાને ધ્યાનમાં રાખીને ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગુજરાતની અગ્રણી ખાનગી યુનિવર્સિટી છે જેને ગુજરાત સરકાર દ્વારા સામાન્ય કોમ્પ્યુટર કરતા ૩૦ ગણુ શક્તિશાળી કોમ્પ્યુટર એટલે કે સુપર કોમ્પ્યુટર ફાળવવામાં આવ્યું છે. આ સુપર કોમ્પ્યુટર મશીન લર્નિંગ એલ્ગોરીધામ, બાયો મેડિકલ એપ્લિકેશન એન્ડ ડીએનએ એનાલીસીસ, હવામાન તથા ક્લાયમેન્ટ ચેન્જની આગાહી, કન્વેન્શનલ ન્યુરલ ડેટા બેઝ, બીગ ડેટા એનાલિસીસ સિસ્ટમ તૈયાર કરવી, રિસર્ચ વર્ક, ડિજીટલ સિસ્ટમ તથા તેના ડેટા સ્ટોરેજ સીપીયુ આધારિત સમારંતર પ્રોગ્રામિંગ વગેરે જેવી એડવાન્સ લેવલ મિકેનિઝમ પર કામ કરશે. આ સાથે એડવાન્સ કમ્પ્યુટરિંગ ટેકનિક દ્વારા સેમેસ્ટર પ્રોજેક્ટ અને પીએચડી થીસીસ પણ તૈયાર કરી શકાશે. આ સુપર કોમ્પ્યુટર વિદ્યાર્થીઓ તથા સંશોધકો માટે રોજગારીની તકો ઉભી કરશે તેમજ સ્કિલ્ડ પ્રોફેશ્નલ્સને એડવાન્સ લેવલનું રિસર્ચ વર્ક તથા ડેવલપમેન્ટ માટે સમાંતર પ્રોગ્રામિંગની તકો પુરી પાડશે. આવનાર વર્ષોમાં મશીન લર્નિંગની ખૂબ મોટા પ્રમાણમાં સંભવિત માંગને ધ્યાનમાં લેતા આ સુપર કોમ્પ્યુટર સંસ્થા તથા સમાજના વિકાસમાં આશિર્વાદરૂપ સાબિત થશે.

## કોલવડા તલાટી કેસમાં જિલ્લા તલાટી મહામંડળ મેદાને પડ્યું

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામમાં પંચાયત કચેરીમાં થયેલા હુમલા અને અપમાનને લઈ હવે ગાંધીનગર જિલ્લા તલાટી મહામંડળ મેદાને આવ્યું છે. જેને પગલે આજે ગાંધીનગર તાલુકા પંચાયત સભાખંડમાં કારોબારી સભા મળી હતી. પ્રમુખ બી.એમ.રબારીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં આરોપી મયુર જગદીશસિંહ વાઘેલાને તાત્કાલીક અસરથી ઝડપી પાડવા માટે માંગ કરાઈ છે. આરોપીએ સરકારી કર્મચારી અને તલાટીના હોદ્દાનું અપમાન કર્યુ હોવાથી આરોપીની રવિવાર સુધીમાં ધરપકડ કરવા માટે મંડળે માંગ કરી છે.

જયારે રવિવાર બાદ જિલ્લા તલાટી મહામંડળ દ્વારા પંચાયત મંત્રી, સચિવ, કલેકટર, એસપી સહિતને આવેદન પત્ર આપવામાં આવશે. જો તંત્ર દ્વારા આરોપીને યોગ્ય શિક્ષા નહીં કરવામાં આવે તો જરુર જણાશે તો તલાટી મહામંડળ દ્વારા અહિંસક આંદોલન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કોલવડામાં ફરજ બજાવતા દિવ્યાંગ તલાટી રણવીરસિંહ રાણાને તેમના જ માસીના દિકરાએ લાફો મારી પગ પકડાવતા ફોટા પાડીને ધમકી આપી હતી.

# મધર ટેરેસા સ્કૂલ દ્વારા વૃક્ષારોપણ અભિયાન





પર્યાવરણ સંરક્ષણ અંગે નાગરિકોને જાગૃત કરવા 'મધર ટેરેસા વર્લ્ડ સ્કૂલ' દ્વારા વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. હરેકૃષ્ણ મંદિરના વિદ્યાસાગર નિમય દાસા અને આચાર્ય રાજી ડેનિસ દ્વારા આ અભિયાનનો આરંભ વૃક્ષારોપણથી કરવામાં આવ્યો હતો. એ પછી ગાલા હેવનથી લઈને અદાણી પ્રથમ સુધી અને ચાંદખેડા - શ્યામ સત્ય બંગ્લોઝથી રીંગ રોડ સુધી અલગ અલગ સોસાયટીમાં જઈને લગભગ ૨૦૦ છોડનું આરોપણ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું હતું.